**વડીલોને વંદન**
**અભિનંદન**



કલાબેન નટવરલાલ ત્રિવેદી
(૧૯૪૫) ફોન : ૨૩૨૨૪૩૦૪

# મોદીની ભવ્ય શપથ વિધિની તૈયારી શરૂ થયાના અહેવાલ

## એક્ઝિટ પોલના પરિણામો અને પ્રવાહને ધ્યાનમાં લઈને અંદરખાને તૈયારી : ૨૫મીએ નવી સરકાર બની શકે છે

અમદાવાદ, તા.૧૮
ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ ૨૦મી ડિસેમ્બરના દિવસે આવનાર છે પરંતુ એક્ઝિટ પોલના પરિણામ આવ્યા બાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ધમાકેદાર અને શાનદાર શપથની તૈયારી અંદરખાને શરૂ થઈ હોવાનું જાણવા મળી રહ્યુ છે. પાંચ વર્ષ પહેલા ડિસેમ્બરમાં જ ચૂંટણી જ થઈ હતી. આ વર્ષે પણ ડિસેમ્બરમાં જ ચૂંટણી થઈ છે. ૨૫મીએ ભૂતપૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેઈનો જન્મ દિવસ છે. અને વાજપેઈના જન્મદિવસે જ શપથની તૈયારી ચાલી રહી છે. ગાંધીનગરમાં સરકાર અને સંગઠનના ટોચના નેતાઓની બેઠકમાં પરિણામ અને નવી સરકારની રચના અંગે ચર્ચા થઈ હોવાનું જાણવા મળ્યુ છે. ભૂતકાળમાં મોદીના શપથ કાર્યક્રમમાં કેન્દ્રના ભાજપના નેતાઓ અને રાજ્યોના મુખ્યમંત્રી તથા સ્ટાર પ્રચારકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

મોદીની હેટ્રિક બાદ આ વખતે પણ તમામને આમંત્રણ આપવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. પરિણામ નહીં આવ્યું હોવાથી હજુ સુધી આ પ્રકારની બાબતો અંગે કોઈ વાત મળી રહી નથી. માત્ર મર્યાદિત લોકોમાં જ આ અંગેની ચર્ચા છે. પરિણામ અપેક્ષા મુજબના રહે છે કે એક્ઝિટપોલના પરિણામ ખોટા સાબિત થાય છે તે બાબતને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો છે. હાલમાં કોઈ પણ વ્યક્તિ સ્પષ્ટપણે કહેવાની સ્થિતિમાં નથી. ભાજપના નેતાઓ ચોક્કસપણે જીતનો દાવો કરી રહ્યા છે પરંતુ કોંગ્રેસના નેતાઓએ પણ હજુ આશા છોડી નથી અને એક્ઝિટ પોલના પરિણામ ખોટા સાબિત થશે તેવી વાત કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના બંને તબક્કામાં ૭૦ ટકાથી વધુ મતદાન થયુ છે. ૭૦ ટકાથી વધુ મતદાન થયા બાદ ભાજપમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આગામી દિવસોમાં ચિત્ર સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જશે.




ગુજરાત કોલેજ, પોલિટેકનિક ખાતે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે આના ભાગરૂપે મજબુત પોલીસ સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે.

# દહેગામમાં બાળકી પર બળાત્કાર ગુજારી આરોપી ફરાર

## પાંચ વર્ષની બાળકીને લલચાવી ફોસલાવી પોતાના ઘરે લઈ જઈને કુકર્મ આચર્યું

ગાંધીનગર, તા. ૧૮
દહેગામ તાલુકાના એક ગામમાં એકલતાનો લાભ લઈ આરોપીએ એક બાળકી પર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરીયાદ દહેગામ પોલીસમથકે નોંધાઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ દહેગામ તાલુકાના એક ગામમાં બાળકીની પડોસમાં રહેતા ઈસમ રમેશ બાબુ ઠાકોરે ગઈકાલે બપોરના સુમારે પાંચ વર્ષીય બાળકીને લલચાવી ફોસલાવી પોતાની પાસે બોલાવી હતી.

બપોરના સમયે માસુમ બાળકીને આરોપીએ પોતાના ઘરે બોલાવી એકલતાનો ગેરલાભ ઉઠાવ્યો હતો. આરોપીએ બાળકી પર બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ આ ઈસમ ફરાર થઈ ગયો હતો. ભોગ બનનાર બાળકીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ સંદર્ભે બાળકીના પરિવારજનોએ દહેગામ પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. દહેગામ પોલીસ સ્ટેશનના પી.આઈ. શેખે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માતૃવંદના અને વયવંદના કાર્યક્રમ અંતર્ગત સંગીત સંધ્યા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૮
ગુજરાત રાજ્યના સિંચાઈ ખાતાના નિવૃત્ત મુખ્ય ઈજનેર મધુસૂદન આર. ગાંધીના માતુશ્રી સ્વ. અંબાબા ગાંધીની એક સદીની દીર્ઘજીવન યાત્રાની પુણ્ય સ્મૃતિએ તાજેતરમાં એક સ્નેહમિલન અને સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો હતો. મધુસૂદન ગાંધીની દીર્ઘ જીવનયાત્રાના ૮૦મા વર્ષના વિસામાની શુભ ઘડીએ તથા માતૃવંદના પ્રસંગે દૃશ્યશ્રાવ્ય માધ્યમથી મધુસૂદન ગાંધીની જીવન ઝરમર રજૂ કરવામાં આવી હતી. રાધેકૃષ્ણ મ્યુઝિકલ ગૃપના કુ. દીપાલી શાહ, પ્રવીણભાઈ, કનુભાઈ, વિજયભાઈ, સંદીપભાઈ અને અન્ય સાથી કલાકાર દ્વારા ભજનો અને લોકગીતોની કર્ણપ્રિય સરવાણી વહેતી કરવામાં આવી હતી. મધુભાઈની સ્વરચિત કૃતિ 'અમી ભરેલી નજરો જેની એ છે મારી મા'ની મધુભાઈ અને સાથી કલાકારો દ્વારા સુંદર રજૂઆત કરવામાં આવી હતી.

માતૃવંદના અને વયવંદનાના આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના સચિવ કક્ષાના અધિકારીઓ અને અન્ય ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીઓ, ગાંધીનગરની વિવિધ અને અગ્રગણ્ય સંસ્થાઓના હોદ્દેદારો, પ્રતિનિધિઓ, પરિવારજનો, મિત્રો, શુભેચ્છકો વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને મધુસૂદનભાઈનું શાલ ઓઢાડી, પુષ્પગુચ્છ આપી અભિવાદન કર્યું હતું.

# એસ.જી. ઈંગ્લિશ મિડીયમ પ્રાથમિક શાળાના આચાર્યાનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮
ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩માં આવેલા કડી કેમ્પસની એસ.જી. ઈંગ્લિશ મિડીયમ શાળામાં આચાર્યા તરીકે ફરજ બજાવતા અંજલિબેન ટેકવાનીનો તાજેતરમાં સ્વૈચ્છિક નિવૃત્તિ સમારંભ યોજાયો હતો.

એસ.જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના સવાર પાળી અને બપોર પાળીના દરેક શિક્ષકની ઉપસ્થિતિમાં આચાર્યા અંજલિબેન ટેકવાનીનો સ્વૈચ્છિક નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો હતો. શાળાના શિક્ષકો દ્વારા તેઓની દીર્ઘકાલીન સેવાને તથા કામગીરીને સહૃદય વખાણવામાં આવી હતી અને સુંદર મોમેન્ટ આપી હવે પછીનું જીવન સ્વચ્છ અને દીર્ઘાયુ બની રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. એમ. એડ. કોલેજના પ્રાધ્યાપક સંજય ગુપ્તા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આચાર્યા અંજલિબેન ટેકવાનીને નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના શિક્ષકો-શિક્ષિકા બહેનો દ્વારા તેમની પ્રામાણિક અને સહૃદય સેવાભાવનાને યાદ કરવામાં આવી હતી. પ્રસંગે સૌની આંખો અશ્રુભીની થઈ ગઈ હતી તેમના નિસ્પક્ષ સેવાને આદરપૂર્વક યાદ કરી ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# અમદાવાદમાં એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૨૭થી વધુ કેસ થયા

અમદાવાદ, તા.૧૮
અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાને રોકવા માટે તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગચાળામાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા એક સપ્તાહના ગાળામાં ડેન્ગ્યુ, મલેરિયા, ફાલ્સીપારમના શ્રેણીબદ્ધ કેસો નોંધાતા તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. વધતા જતા કેસોને રોકવા માટે નવા પગલા લેવા માટે પણ સક્રિય વિચારણા થઈ રહી છે. પ્રદુષિત પાણીની વ્યાપક ફરિયાદો પણ નોંધાઈ છે.

અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગોના કેસો નોંધાવાનું ચાલુ રહ્યુ છે. શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં મેલેરિયાના ૩૭ કેસો, ડેન્ગ્યુના ૨૭ કેસો અને ફાલ્સીપારમના ૨૩ કેસો નોંધાયા હતા. આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ શિયાળો ચાલુ હોવા છતાં ગત ૧૦થી ૧૬ ડિસેમ્બર દરમિયાન અમદાવાદમાં મેલેરિયાના ૩૭ કેસો, ડેન્ગ્યુના ૨૭ કેસો અને ફાલ્સીપારમના ૨૩ કેસો નોંધાયા હતા. જ્યારે સપ્ટેમ્બરથી ડિસેમ્બર ૨૦૧૧ દરમિયાન મેલેરિયાના ૮૯૬૩ કેસો, ફાલ્સીપારમના ૩૧૯૫ કેસો અને ડેન્ગ્યુના ૧૨૫૬ કેસો નોંધાયા હતા. જ્યારે સપ્ટેમ્બરથી ૧૬ ડિસેમ્બર ૨૦૧૨ દરમિયન મેલેરિયાના ૪૫૪૭ કેસો, ફાલ્સીપારમના ૨૧૫૫ કેસો અને ડેન્ગ્યુના ૧૪૩૬ કેસો નોંધાયા હતા. આમ ગત વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે આ ચાર મહિનામાં મેલેરિયા અને ફાલ્સીપારમના કેસોમાં ઘટાડો નોંધાયો છે. તથા ડેન્ગ્યુના કેસોમાં વધારો નોંધાયો છે. આ ઉપરાંત શહેરમાં સંખ્યાબધ વિસ્તારોમાં પીવાના પાણીની અછત તથા પ્રદુષિત પાણી આવતું હોવાની ફરિયાદો ઉઠવા પામી હોવાનું જાણવા મળે છે.


# રાજ્યમાં ઠંડીનો બીજો રાઉન્ડ હવે શરૂ થશે : હવામાન ખાતું

અમદાવાદ,તા.૧૮
ઉત્તર ભારતમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે અને પ્રતિદીન ઠંડી વધી રહી છે ત્યારે તેની અસર તળે રાજસ્થાન અને ગુજરાતના વિવિધ શહેરોમાં ઠંડીના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં પણ છેલ્લા બે દિવસથી ઠંડીમાં વધારો થઈ રહ્યો છે અને વહેલી પરોઢે ફુંકાતા પવનને કારણે કડકડતી ઠંડીનો અસહેસાસ થઈ રહ્યો છે. ત્યારે બીજી તરફ હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, સમગ્ર રાજ્યમાં આગામી થોડા જ દિવસોમાં ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થશે. જેમાં કેટલાક વિસ્તારમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નીચે જવાની પણ પ્રબળ શક્યતાઓ છે. આજે ૧૩.૬ ડિગ્રી સાથે નલીયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યુ હતુ. આ ઉપરાંત રાજ્યના વિવિધ શહેરોમાં સામાન્ય ઠંડી યથાવત રહી હતી. ડિસેમ્બર માસ પૂરો થવાના આરે હોવા છતા હજુ સુધી ઠંડીએ જોર પકડ્યું નથી. જો કે, રાજ્યભરમાં છેલ્લા કેટલાક દિવસથી મધરાત્રે વાતાવરણમાં ફૂલગુલાબી ઠંડક પ્રસરે છે જે સવાર સુધી જળવાઈ રહે છે. પરંતુ સૂર્યોદય બાદ બપોરે ગરમીનું જેમ જળવાઈ રહેતા હજુ પણ ઠંડીનો અહેસાસ થઈ રહ્યો નથી. રાજ્યના મોટા ભાગના શહેરોના મહતમ તાપમાન હજુ ૩૦ ડિ.સે.ની આસપાસ રહેતા બપોરના સમયે સામાન્ય ગરમી સહન કરવી પડી છે. આમ છેલ્લા ઘણા દિવસોથી રાજ્યના મોટા ભાગના વિસ્તારમાં મિશ્ર ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. જેના કારણે વાઈરલ ઈન્ફેક્શનના કેસોમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. જેનો ભોગ મોટે ભાગે બાળકો બની રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨ દિવસમાં રાજ્યના મોટા ભાગના શહેરોના લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાશે. જ્યારે અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૪ ડિસેની આસપાસ રહેશે. આ ઉપરાંત આગામી દિવસોમાં જ ઠંડીનું પ્રમાણ વધવાની શક્યતા છે.

# લઘુત્તમ તાપમાનનું ચિત્ર

| શહેર | લઘુત્તમ તાપમાન | શહેર | લઘુત્તમ તાપમાન |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૭.૭ | પોરબંદર | ૨૦.૪ |
| વડોદરા | ૧૬.૬ | વેરાવળ | ૨૦.૬ |
| રાજકોટ | ૧૬.૮ | ડિસા | ૧૫.૭ |
| સુરત | ૨૧.૫ | કંડલાબંદર | ૧૭.૪ |
| ભૂજ | ૧૪ | વીવીનગર | ૧૮.૨ |
| નલિયા | ૧૩.૬ | ગાંધીનગર | ૧૬.૪ |
| ભાવનગર | ૧૭.૫ | વલસાડ | ૧૫.૧ |
| દ્વારકા | ૧૮.૨ | સુરેન્દ્રનગર | ૧૮ |
| ઓખા | ૨૧.૮ | | |

## શબ્દાવલી - ૪૯૨૫



### આડી ચાવી

૧. આજની પહેલાનો દિવસ (૪)
૪. ... કરવી, ઠગવું તે (૩)
૬. બુધ્ધિ (૨)
૭. ... મારવા, આડુઅવળુ જોયા કરવું (૩)
૯. દુઃખ, અફસોસ (૪)
૧૧. ભૂલવું, અફસોસ (૪)
૧૩. મિત્ર, દોસ્ત (૨)
૧૫. દૂરની વસ્તુ નજીકથી જોવા વપરાતું સાધન (૪)
૧૭. નીચ, હલકું (૪)
૧૯. જીવ (૨)
૨૦. પ્રવાહી (૨)
૨૨. ચોથો ભાગ, અડધાનું અડધું (૧)
૨૩. બહુ બોલબોલ કર્ય કર્યા કરે તેવું (૫)

### ઊભી ચાવી

૧. દુઃખ (૨)
૨. વર્ષો પહેલાં બનેલું હોય તેને... કહેવાય (૪)
૩. ઝગડાવવું (૪)
૪. ઠેરવવું, ... કરવો (૩)
૫. પ્રેમ, પ્યાર (૨)
૮. ચહેરાને અંગ્રેજીમાં... કહેવાય (૨)
૧૦. એક પ્રકારના તેલીબીયા (૪)
૧૧. વિઘ્નહર્તા (૪)
૧૨. દરિયો, સાગર (૪)
૧૪. દોડવું, અંગ્રેજીમાં... કરવું (૨)
૧૬. રવિવાર... નો દિવસ (૨)
૧૮. તકરાર (૩)
૨૧. પવન

### શબ્દાવલી ૪૯૨૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) હનુમાન જયંતિ (૫) પર્સ (૬) સખ (૮) ખતપ (૯) હાડમારી (૧૧) ડગર (૧૨) રન (૧૪) મા (૧૫) ખાખ (૧૭) રાવ (૧૯) કાજી (૨૦) વધરાવળ (૨૧) દાવ (૨૨) કમળ (૨૩) જુનવાણી
**ઊભી ચાવી :-** (૧) હરખ (૨) માપપટ્ટી (૩) નર્સ (૪) તીસમારખાં (૭) ખરી (૯) હાડ (૧૦) ડગ (૧૩) નરાધમ (૧૬) ખતવણી (૧૮) વરાળ (૧૯) કાળજુ (૨૦) વક (૨૧) દાવા

## સ્લીપ રજૂ કરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૌથી વધુ મતદાર સ્લીપ કલોલ વિધાનસભા મતવિસ્તારમાં ૧,૨૮,૭૮૮ મતદારોએ રજુ કરી હતી. માણસામાં ૧,૧૪,૯૮૮ મતદારોએ ગાંધીનગર (દ)માં ૧,૧૨,૮૧૧ મતદારોએ, ગાંધીનગર (ઉ)માં ૧,૧૧,૯૬૩ મતદારોએ અને દહેગામમાં ૭૦,૮૧૨ મતદારોએ મતદાર સ્લીપો રજુ કરી હતી. આમ જિલ્લામાં ૫,૩૯,૩૬૨ મતદારોએ મતદાર સ્લીપને ઓળખ તરીકે રજુ કરી હતી.

જયારે ૧,૪૮,૮૫૫ મતદારોએ તેમનું ચૂંટણી કાર્ડ રજુ કરી મતદાન કર્યું હતું. જયારે ૮૪૫૪ મતદારોએ વોટર સ્લીપ કે એપિક કાર્ડ સિવાયના અન્ય પુરાવા રજુ કરી મતદાન કર્યું હતું.

૫૫૦ મતદારોએ આધાર કાર્ડ રજુ કરી મતદાન કર્યું હતું તો ૨૦૭૨ મતદારોએ પાસપોર્ટ રજુ કરી મતદાન કર્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર દક્ષિણની બેઠક જે મતદારોની દૃષ્ટિએ સૌથી મોટી છે ત્યાં ૯૩,૭૦૭ પુરુષ અને ૮૧,૯૧૪ મહિલા મતદારોએ મળી ૧,૭૫,૬૨૧ મતદારોએ મતદાન કર્યું છે.

આ પછી માણસા વિધાનસભામાં ૮૧,૧૮૪ પુરુષ મતદાર અને ૭૨,૯૨૧ મતદારોએ મળી કુલ ૧,૫૪,૧૦૫ મતદારોએ મતદાન કર્યું છે.

ગાંધીનગર ઉત્તર બેઠક પર ૭૫,૫૯૪ પુરુષ અને ૬૯,૩૫૮ મહિલા મતદારો મળી ૧,૪૪,૯૫૨ મતદારોએ મતદાન કર્યું છે. કલોલમાં ૭૫,૮૦૭ પુરુષ અને ૬૬,૨૫૬ સ્ત્રી મતદારોએ મળી ૧,૪૨,૦૬૩ મતદારોએ મતદાન કર્યું છે. દહેગામમાં ૬૯,૪૮૪ પુરુષ અને ૫૭,૮૩૫ મહિલા મતદારોએ મળી ૧,૨૭,૩૧૯ મતદારોએ મતદાન કર્યું છે.

ગાંધીનગર જિલ્લાના મતદાનની રસપ્રદ હકીકતો જે બહાર આવી છે તેમાં એક મત ચેલેન્જ વોટ તરીકે નોંધાયો છે. આ ઉપરાંત ૧૫ અંધ મતદારોએ પણ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો છે.

મતદાન પ્રક્રિયા પહેલાં ઈ.વી.એમ. પર જે મોકપોલ યોજવામાં આવે છે તેમાં ૪૧ મતદાન મથકો એવા જણાયા છે જયાં એક પણ મતદાન એજન્ટ હાજર ન હતા જયારે ૯૨ મતદાન મથકો એવા હતા કે જયાં માત્ર એક મતદાન એજન્ટની હાજરીમાં આ મોકપોલ યોજવામાં આવ્યો હતો.

ગઈકાલે યોજાયેલા મતદાનમાં મતદાર સ્લીપ કે એપિક કાર્ડ સિવાયના અન્ય પુરાવા રજુ કરી મતાધિકારનો ઉપયોગ ગાંધીનગર (ઉ)માં વધુ કર્યો હતો. ગાંધીનગર ઉત્તરમાં ૩૯૯૪ મતદારોએ મતાધિકાર અન્ય પુરાવા રજુ કરી ઉપયોગ કર્યો હતો.

## કંપની સમાચાર

### આઈ.આઈ.એફ.સી.એલ. ના ટેક્સ ફ્રી બોન્ડ્સ ૨૦૧૨-૧૩ પબ્લિક ઈસ્યુ


છેલ્લાં કેટલાંક વર્ષોમાં આઈઆઈએફસીએલ દેશભરમાં પાવર, રોડ અને હાઈવેસ, પોર્ટ્સ, એરપોર્ટ્સ, રિન્યુએબલ એનર્જી, અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે જેવા ક્ષેત્રોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટના ફાઈનાન્સિંગમાં અત્યંત સક્રિય ભૂમિકા ભજવી રહી છે.

૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૨ સુધીમાં આઈઆઈએફસીએલની કુલ સંપત્તિ રુ. ૪,૮૦૬.૬૩ કરોડ હતી અને તેની બેલેન્સ? શીટનું કદ રૂ. ૩૩,૯૮૦.૫૭ કરોડ હતું. આઈઆઈએફસીએલની ના? નાણાકીય સ્થિતિની અહીં ટૂંકી વિગતો દર્શાવી છે.

આઈઆઈએફસીએલને સીબીડીટી દ્વારા નોટિફિકેશન નં ૪૬/૨૦૧૨. એફ, નં.૧૭૮/૬૦/૨૦૧૨- (આઈટીએ.આઈ) હેઠળ ૬ નવેમ્બર, ૨૦૧૨ના રોજ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂ. ૧૦,૦૦૦ કરોડ સુધીના ટેક્સ ફ્રી બોન્ડ જારી કરવાની સત્તા આપી છે જે પૈકી આઈઆઈએફસીએલે પ્રાઈવેટ પ્લેસમેન્ટ દ્વારા રૂ. ૭૮૫ કરોડ ઉભા કરી લીધાં છે.

હવે આઈઆઈએફસીએલ ગ્રીન શૂ ઓપ્શન દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ટેક્સ ફ્રી બોન્ડ્સના પબ્લિક ઈસ્યુ દ્વારા વહેલા તે પહેલાના ધોરણે રૂ. ૯૨૧૫ કરોડની શેલ્ફ લિમિટમાં રૂ. ૧૫૦૦ કરોડ ઉભા કરવાની યોજના ધરાવે છે. બોન્ડ ઈસ્યુ ૨૬ ડિસેમ્બર ૨૦૧૨થી ૧૧ જાન્યુઆરી ૨૦૧૩ સુધી ખુલ્લો રહેશે અને તેના કુપન રેટ્સ નીચે દર્શાવ્યા મુજબના છે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન